**DATE: 13/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### પોલીસને જોઇ જુગારીયાઓમાં દોડધામ મચી

# અંકલેશ્વરના સારંગપુર ખાતે જુગાર રમતા 4 ખેલી ઝબ્બે

ભાસ્કરન્યૂઝ|અંકલેશ્વર

અંકલેશ્વરના સારંગપુર લક્ષ્મણ નગર ખાતે જુગાર રમતા 4 ખેલી ઝડપી પાડ્યા હતા. સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા 4 જુગારીઓ પાસેથીપોલીસે જુગાર રમવાના સાધનો અને 28.280 રોકડ જપ્ત કરી હતી. અંકલેશ્વર જીઆઇડીસી પોલીસ ની ટીમ દિવાળી અનુલક્ષી ને નાઈટ પેટ્રોલિંગ માં હતીતે દરમિયાન ચોક્કસમાહિતી કે સારંગપુર ના લક્ષ્મણ નગર ખાતે બાલજી મેડિકલ સ્ટોર નજીક જાહેર માં કેટલાક ઈસમો પત્તા પાનાનો હારજીતનો જુગા ર રમી રહ્યા છે. જે આધારે દરોડોપાડતા ત્યાં જુગાર રમતા કંપની કમલેશ્વરી અસરફીમંડલ, મુકેશ બનારસશ્રીપ્રયાગી મંડલ, કિશન દેવાનંદ મંડલ, અને દિપકલુટન મંડલને સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે દાવ પર લાગેલા રોકડ રૂપિયા 11450, અને અંગ ઝડતી માંથી 16830 રૂપિયા મળી કુલ 28280 રૂપિયાનો રોકડ જપ્ત કરી હતી તેમજ ચારેય જુગારીયા વિરુદ્ધ જુગાર અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આરંભી હતી.

### ભરૂચ હાઇવે પર ટ્રક પકડાઇ, 2 ઝબ્બે, એક વોન્ટેડ

# ટ્રકમાં ક્રૂરતાપૂર્વક બાંધી કતલખાને લઈ જવાતી 15 ભેંસ મુક્ત કરાઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ સી ડિવિઝન પોલીસની ટીમ દિવાળી પર્વને લઇને પેટ્રોલિંગમાં હતી. તે વેળાં ભરૂચ હાઇવે પર વિમકો શોરૂમ પાસે ગૌરક્ષકોએ કતલખાને જતી એક પશુ ભરેલી ટ્રક પકડી હોવાનું માલુમ પડતાં ટીમે તુરંત સ્થળ પર દોડી આવી હતી.

તેમણે પુછપરછ કરતાં માલુમ પડ્યું હતું કે, ગૌરક્ષકો વિક્રમ ભરવાડ, વિશાલ વણકર સહિતનાઓએ પકડેલી ટ્રકમાં કુલ 15 ભેંસ ક્રૂરતાપુર્વક ટૂંકા દોરડાંથી બાંધેલી જણાઇ હતી. તેમણે ટ્રક ચાલકનું નામ પુછતાં તેનું નામ ઇમ્તિયાઝમિંયા મોહમદમિયા બેલીમ (રહે. શેરપુરા, હમજા પાર્ક) તેમજ ક્લિનરનું નામ પુછતાં ઉવેશ અબ્દુલ ભવાયા (રહે. પંજાબ નગર, વલણ, કરજણ) હોવાનું માલુમ પડ્યું હતું. તેઓ પાસે પશુઓની હેરાફેરી માટે કોઇ પરવાનગી ન હોવાનું જણાયું હતું. તેઓ એ ટ્રકમાં પશુઓને અતિક્રૂરતાથી બાંધ્યા હોવા સાથે ટ્રકમાં ઘાસચારો કે પાણીની વ્યવસ્થા રાખી ન હતી. તેમણે ઉમેર્યું હતું કે, વલણ ગામેથી સાજીદ યાકુબ સિંધી (રહે. વલણ) નાએ પશુઓ ટ્રકમાં ભરી આપ્યાં હતાં. જે મહારાષ્ટ્રના જાલના ખાતે આપવા માટે તેઓ જઇ રહ્યાં હોવાનું કબુલ્યું હતું. જેના પગલે ટીમે ઝડપાયેલાં બે તેમજ મોકલનાર શખ્સ મળી ત્રણ જણા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 13/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# વાલિયા પોલીસમાં ગુનો નોંધાયો

# જબુગામ ગામમાં જુગાર રમતાં 6 જણા ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાલિયા તાલુકામાં આવેલાં જબુગામ ગામે રહેતાં રમેશ રામુ વસાવાના ઘરના આંગણામાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હોવાની ચોક્કસ બાતમી વાલિયા પોલીસને મળતાં ટીમ તુરંત સ્થળ પર દોડી ગઇ હતી. બનાવની જગ્યાએ પહોંચતાં રમેશના ઘરની બહાર આંગણામાં 6 શખ્સો લાઇટના અજવાળે જુગાર રમતાં હોવાનું જણાઇ આવતાં ટીમે વિસ્તારને ચારેય તરફથી કોર્ડન કરી અચાનક રેડ પાડી હતી. જેના કારણે જુગારિયાઓને ભાગવાનો મોકો પણ મળ્યો ન હતો. ટીમે જુગાર રમતાં જિજ્ઞેશ રવજી વસાવા, જિતેન્દ્ર લવજી વસાવ, રમેશ રામુ વસાવા, શૈલેષ નટવર વસાવા, અનિલ રમેશ વસાવા તેમજ કમલેશ રવિલાલ વસાવા નામના 6 જુગારિયાઓને ઝડપી પાડ્યાં હતા.

**DATE: 14/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-06**

### કસૂરવાર ગોડાઉન સંચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી

# ભરૂચ જિલ્લામાં દિવાળીનું ચેકિંગ જાહેરનામા ભંગના 13 કેસો કરાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એસઓજીની ટીમે દિવાળી પર્વને લઈને જાહેરનામાનો ભંગ કરનારાઓ 13 શખ્સો તેમજ શંકાસ્પદ ભંગાર સહિત કુલ 14 જણા વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ શહેર જિલ્લામાં દિવાળીના તહેવારમાં વાહન ચોરી તેમજ કંપનીઓમાંથી સરસામાનની ચોરીઓ થવાની તેમજ ચોરીઓમાં ગયેલાં વાહનો ગેરેજોમાં લઇ જઇ તેના પાર્ટ છુટા પાડી ભંગારિયાઓને વેચી દેવાની પ્રવૃત્તિઓ થતી હોય છે. તેમજ કંપનીમાંથી ભંગારની ચોરી કરી ભંગારનો વેપાર કરતાં લોકોને વેચી દેવામાં આવતાં હોય છે. ત્યારે આ પ્રકારની પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા માટે એસઓજીની ટીમે ખાસ એક્શન પ્લાન બનાવી વિવિધ ટીમો બનાવી હતી. જેમાં ટીમોને અલગ અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોકલી ભંગારની દુકાનો તેમજ ગોડાઉનનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ટીમો દ્વારા ભંગારના વેપારીઓ દ્વારા જાહેરનામાનું ચોક્કસાઇ પુર્વક પાલન થાય છે કે કેમ તેની તપાસ કરવામાં આવતાં 13 જેટલાં ભંગારના વેપારીઓએ જાહેરનામાનો ભંગ કર્યો હોવાનું માલુમ પડ્યું હતું. ઉપરાંત એક શખ્સ પાસેથી શંકાસ્પદ ભંગારનો જથ્થો મળી આવ્યો હતો. ટીમે તમામ વિરૂદ્ધ સ્થાનિક પોલીસ મથકે ગુનો નોંધી તમામ વિરૂદ્ધ કાર્યવાહી કરવા સાથે ભંગાર ચોરીમાં કોઇની સંડોવણી છે કે કેમ તેની વિગતો મેળવવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 14/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-06**

# બાકરોલ રોડ પર જુગાર રમતા 6 ખેલી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી પોલીસની ટીમ ગત રાત્રી ના પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ભાદી -બાકરોલ રોડ પર ક્રિકેટ ગ્રાઉન્ડ પાછળ મોટા પાયે જુગાર રમાઈ રહ્યો છે. જે આધારે પોલીસે દરોડા પાડતા ગ્રાઉન્ડ પાછળ આવેલ પાણીની ટાંકી પાસે જાહેરમાં જુગાર રમતા ભાદી ગામ ના 6 લોકોને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસે અંગઝડતી માંથી 7400 રૂપિયા અને દાવ પર લાગેલા 4500 મળી કુલ 11900 રૂપિયા રોકડા જપ્ત કરી હતી.

**DATE: 18/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### મકતમપુર વિસ્તારમાં આવેલી દુકાનમાં ઘટના બની હતી

# ભરૂચમાં વૃદ્ધાના ગળામાંથી અછોડો આંચકી ભાગેલા 2 લબરમૂછીયા ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના મકતમપુર સાંઈ મંદિર સામે આશ્રમ ફળિયામાં રહેતા 63 વર્ષીય પાલીબેન પટેલ તેમના ઘરમાં દુકાન ચલાવે છે. બુધવારે ભાઈબીજની બપોરે તેમનો દીકરો રાજેશ ઉપરના માળે જમવા ગયો હતો.તેઓ કરીયાણાની દુકાને બેઠા હતા ત્યારે કાળા રંગની બાઈક પર બે યુવાનોએ આવી 10 રૂપિયા આપી સિગારેટ માંગી હતી. એક સિગારેટ આપતા બાઈક ચાલકે આખુ પેકેટ માંગતા મહિલા આપવા જતા પાછળ બેસેલા યુવાને ગળામાં પહેરેલી સોનાની ચેઈન ખેંચી લઈ બંને બાઈક પર ભાગ્યા હતા. મહિલાએ બુમરાણ મચાવતા પુત્રે દોડી આવી બાઈકનો નંબર જોઈ લીધો હતો. સી ડિવિઝન પોલીસ મથકે ₹40 હજારની સોનાની ચેઈન સ્નેચિંગ અંગે ફરિયાદ નોંધવાઈ હતી. ઘટનાની જાણ થતાં પોલીસ સક્રિય બની હતી અને બાતમી મળી હતી કે, એક બાઈક પર બે યુવાનો જયોતિનગરથી પ્રસાદ સોસાયટીના રસ્તેથી પસાર થઈ રહયાં છે. વોચ ગોઠવીને બંને યુવાનોને ઝડપી લેવાયાં હતાં . બંનેની ઓળખ બોરભાઠાબેટના ગણેશનગરમાં રહેતાં અક્ષય મહેશ પાટણવાડીયા અને બહારની ઉડાઈમાં રહેતાં ઉબેદખાન પઠાણ તરીકે થઈ હતી. તેમની પાસેથી અછોડા અને બાઈક સહિત 65 હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

**DATE: 18/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

## કુલ 47 હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો

# જીતાલી ગામે જુગાર રમતા ત્રણ જુગારીઓ ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસની ટીમ ગ્રામ્ય વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન માહિતીના જીતાલી ગામ માં નવી નગરીમાં દરગાહ ગ્રાઉન્ડમાં પાણીની ટાંકી પાસે મોબાઈલ ટોર્ચ ના અજવાળે ખુલ્લી જગ્યામાં પાથરણું પાથરીને કેટલાક માણસો ભેગા જુગાર રમે છે.પોલીસ ટીમે માહિતીના આધારે જીતાલી ગામ માં નવી નગરી પાસે આવેલી દરગાહ ગ્રાઉન્ડમાં પાણીની ટાંકી પાસેથી યાસીન ગુલામ વશી, અવિનાશ વસાવા અને બાબુ વિશ્વાસ વસાવા ને રંગે હાથે જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. એલસીબી ટીમે જુગાર દરમિયાન દાવ પર અને અંગજડતી માંથી રૂ.17,000 હજાર, બે મોબાઈલ કિં રૂ.10,000 હજાર અને એક મોટર સાઈકલની કિં. રૂ.20,000 હજાર મળીને કુલ રૂ.47,000 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ત્રણેય વિરુદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી તપાસ આદરી છે.

**DATE: 18/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

## પોલીસે 66 હજારનો મુદ્દામાલ કબજે લીધો

# હલદર ગામે દારૂના અડ્ડાઓ પર દરોડા, 3 બૂટલેગર ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના હલદર ગામે નવી નગરીમાંથી એલસીબીએ 66 હજારના દારૂ સાથે 3 ને ઝડપી પાડ્યા હતાં જ્યારે બુટલેગર બંધુ સહિત 3 નાસી છૂટ્યા હતા. લોકલ ક્રાઇમ બ્રાંચની ટીમ તહેવારોમાં પેટ્રોલિંગમાં હતી તે વેળા હલદર ગામે બે ભાઈઓ ભેગા મળી તેઓના પન્ટરો મારફતે દારૂનું વેચાણ કરતા હોવાની બાતમી મળી હતી.

નવી નગરીમાં દરોડો પાડતા અલગ અલગ મકાનોમાં સંતાડેલ દારૂની 12 પેટીઓ કિંમત રૂપિયા 66 હજારનો જથ્થો મળી આવ્યો હતો. જોકે પોલીસની રેઇડમાં બુટલેગર બંધુઓ વીરેન્દ્ર ઉર્ફે વિરુ અને સંજય વસાવા સાથે સંદીપ વસાવા ફરાર થઇ ગયો હતો. દારૂના જથ્થા સાથે સ્થળ પરથી માલ વેંચતા આશિષ ઉર્ફે મોન્ટુ વસાવા, અમિત વસાવા અને સુનિલ વસાવા રોકડા 6,300, બે મોબાઈલ મળી કુલ 1.27 લાખ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપાઇ ગયા હતા.

**DATE: 19/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### પશુ કાપવાના સાધનો અને 3 વાહનો પણ સ્થળેથી મળ્યાં

# ટંકારીયામાં 200 કિલો ગૌમાસ સાથે 3 ખાટકીઓ ઝબ્બે, એક ભાગી છૂટ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના ટંકારીયા ગામના બંધ બંગલાની પાછળથી ગૌવંશનું મોટુ કતલખાનું પોલીસે ઝડપી પાડયું છે. સ્થળ પરથી 200 કિલો ગૌમાંસ સાથે 3 આરોપીને ઝડપી લેવાયાં છે જયારે એક ફરાર થઇ જતાં તેને વોન્ટેડ જાહેર કરાયો છે. પાલેજના પીઆઇ શિલ્પા દેસાઇને ટંકારીયા ગામે બાબરીયા કોલોનીમાં રહેતો અલ્તાફ યુનુસ બાબરીયા એક બંધ બંગલાની પાછળના ભાગે ગૌવંશની હત્યા કરી તેના માંસનો વેપલો ચલાવતો હોવાની બાતમી મળતાં દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં ટંકારીયાની નવી નગરીમાં રહેતાં અલ્તાફ બાબરીયા, જાવીદ ઝીણા અને ઇકબાલવલી બાબીયેટને ઝડપી લેવાયા હતાં જયારે ઇમરાન ઉમટા નાસી છુટવામાં સફળ રહયો હતો. બંગલાની પાછળના ભાગે તપાસ કરતાં માંસ કાપવાના સાધનો, વજનકાંટો મળ્યાં હતાં. સ્થળ પર રહેલાં 200 કિલો માંસની વેટરનરી ડોકટર પાસે તપાસ કરાવતાં તે ગૌમાંસ હોવાનું બહાર આવ્યું હતું. એક મોપેડ, એક બાઇક અને એક કાર મળતાં તેને કબજે લેવાય છે. ગૌમાંસ અન્ય સ્થળોએ મોકલાતું હોવાની આશંકાએ તપાસ હાથ ધરાઇ છે.

**DATE: 19/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### વાહનો તથા વસતીમાં થતાં વધારાને ધ્યાને રાખી નિર્ણય લેવાયો

# ભરૂચ - અંકલેશ્વર રોડ પર ગડખોલ બ્રિજ નીચે પોલીસચોકીનો પ્રારંભ

ભાસ્કરન્યૂઝ|અંકલેશ્વર

ભરૂચ અને અંકલેશ્વર રોડ પર વધી રહેલાં વાહનો તથા ગડખોલ અને આસપાસમાં વસતી વધતાં પોલીસની કામગીરી સરળ બનાવવા માટે ગડખોલ બ્રિજની નીચે નવી ચોકી શરૂ કરવામાં આવી છે. અંદાડા અને ગડખોલ ગામ ઝડપથી વિકસી રહયાં છે અને અહીં 1.50 લાખ કરતાં વધારે લોકો વસવાટ કરી રહયાં છે. આ વિસ્તારના લોકોને પોલીસનું કામ પડે ત્યારે પ્રતિન ચોકડી પર આવેલાં પોલીસ સ્ટેશન જવું પડતું હતું પણ હવે તેમને ઓવરબ્રિજની નીચે જ પોલીસચોકી મળી રહેશે. અંકલેશ્વરના ગડખોલ ટી બ્રિજ નીચે પોલીસ ચોકી નો પ્રારંભ કરવામાં આવ્યો છે. લાભ પાંચમના શુભ દિવસે ડી.વાય.એસ. પી ચિરાગ દેસાઈ, બી ડિવિઝન પી.આઈ. વી. યુ. ગડરિયા સહિતના સ્ટાફની હાજરીમાં ચોકીને ખુલ્લી મુકવામાં આવી હતી.ખાસ કરી નર્મદા મૈયા બ્રિજથી લઇ ગડખોલ ટી બ્રિજ અને અંદાડા , ગડખોલ જેવા મોટા ગામો ને ધ્યાને લઇ પોલીસ કાર્યવાહી માં સરળતા ઉભી થાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ તેમજ ગુનાખોરીનું પ્રમાણ ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે નવી ચોકી શરૂ કરવામાં આવી છે. નર્મદા મૈયા બ્રિજના નિર્માણ બાદ જૂના નેશનલ હાઈવે પરથી રોજના 65 હજાર કરતાં વધારે વાહનોપસાર થઇ રહ્યાં છે.

DATE: 19/11/2023 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-04

### 17 હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો

# વાગરામાં જુગાર રમતા ત્રણ ઈસમ પોલીસના હાથે ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા તાલુકામાં વાગરા ચોકડી પાસે બાવળની ઝાડીમાં જુગાર રમતા ત્રણ ઈસમો સહિત રૂ.17 હજાર જપ્ત કરવામાં આવ્યો. ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાની ચોકડીની બાજુમાં બાવળની ઝાડીમાં જુગાર રમવામા આવે છે.જેવી બાતમી મળતા પોલીસ દ્વારા સ્થળ તપાસ કરતાં ગોળ કુંડાળું વળી ઈસમો જુગાર રમતા હતા.જેમાં ત્રણ ઈસમોને પોલીસે પકડી તપાસ કરતાં કુલ રૂ.17 હજાર ઉપરાંત નો મુદ્દા માલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. દિવાળીના તહેવારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસે સઘન ચેકિંગ સહિતની કામગીરી હાથ ધરી હતી અને જુગારની બદીને ડામી દેવા માટે અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવ્યાં હતાં. પોલીસની સતત રેઈડના પગલે જુગારીયાઓ અને બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

**DATE: 19/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### સંવેદનશીલ જિલ્લો હોવાથી પોલીસતંત્રની ચાંપતી નજર

# ભરૂચમાં ક્રિકેટ વિશ્વકપનો રોમાંચ, ઠેર ઠેર એલઈડી સ્ક્રીન લગાવાશે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આજે રવિવારે અમદાવાદમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વિશ્વકપની ફાઇનલ મેચ રમાશે ત્યારે ભરૂચ જિલ્લાના રમતપ્રેમીઓમાં ઉત્સાહ જોવા મળી રહયો છે. મેચનો રોમાંચ માણી શકાય તે માટે અંબિકાનગર સહિતની સોસાયટીઓમાં મોટા એલઇડી સ્ક્રીન મુકવામાં આવશે.

ભરૂચ જિલ્લાના પૂર્વ અને ઉત્તર વિભાગના અનેક ગામડાઓમાં ખાનગી ક્રિકેટ મેદાન બની ચૂકયાં છે અને તેમાં મોટી ટુર્નામેન્ટના આયોજન કરાઇ રહયાં છે. ક્રિકેટના વધતાં ક્રેઝ વચ્ચે આજે અમદાવાદમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વિશ્વકપ માટે મુકાબલો થશે. ભરૂચ શહેર તથા જિલ્લામાં પણ લોકો મોટા પડદા પર મેચ જોઇ શકે તેવા આયોજન કરાયાં છે. શકિતનાથ વિસ્તારમાં આવેલી અંબિકાનગર સોસાયટી ખાતે વિશાળ એલઇડી સ્ક્રીન મુકવામાં આવશે. આ ઉપરાંત અંકલેશ્વરમાં આનંદપુરા સ્પોટર્સ કોમ્પલેકસ ખાતે પણ લોકો મેચ જોઇ શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. બીજી તરફ ભરૂચ જિલ્લો સંવેદનશીલ હોવાથી પોલીસ પણ સતર્ક બની છે. એસપી મયુર ચાવડાએ જણાવ્યું હતું કે, અમારી ટીમ સતત પેટ્રોલિંગ કરશે.